## તંત્રી સ્થાનેથી......

આજના આધુનિક યુગમાં બદલાયેલી બેઠાડુ જીવનશૈલી અને બિનઆરોગ્યપ્રદ ફાસ્ટફૂડના કારણે સમગ્ર વિશ્વ જ્યારે ગંભીર જીવનશૈલી સંબંધિત બીમારીઓનો સામનો કરી રહ્યું છે, ત્યારે ભારતની પ્રાચીન પરંપરાગત આહાર પદ્ધતિ ફરી એકવાર વૈશ્વિક સ્તરે સંજીવની બનીને ઉભરી આવી છે. ૧૬ ઓક્ટોબર – 'વિશ્વ ખાદ્ય દિવસ' (World Food Day) ના વિશેષ અવસરે વાત કરીએ શ્રી અન્ન વિશે...વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રેરણાદાયી પ્રયાસો થકી આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠા પામેલા 'શ્રી અન્ન' (મિલેટ્સ) તરફ વિશ્વભરના લોકોનો અભિગમ ઝડપથી બદલાઈ રહ્યો છે.

**વિશ્વ ફૂડ દિવસનો ઇતિહાસ**

વૈશ્વિક ભૂખમરો નાબૂદ કરવા અને અન્ન સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવા દર વર્ષે ૧૬ ઓક્ટોબરના રોજ 'વિશ્વ ખાદ્ય દિવસ' ઉજવાય છે. આ દિવસનો ઈતિહાસ ૧૬ ઓક્ટોબર, ૧૯૪૫ના રોજ સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ની સ્થાપના સાથે જોડાયેલો છે, જેની સત્તાવાર ઉજવણી વર્ષ ૧૯૮૧થી શરૂ થઈ હતી. આજે પણ કરોડો લોકો કુપોષણનો સામનો કરી રહ્યા હોવાથી આ દિવસની પ્રાસંગિકતા ખૂબ વધારે છે. આ પડકારોને પહોંચી વળવા વર્ષ ૨૦૨૬ની થીમ "આજે ઈનોવેશન, પોષણ" ("Innovate today. Nourish tomorrow.") નક્કી કરાઈ છે, જે સંદેશ આપે છે કે આજે ખેતીમાં ડિજિટલ ટેક્નોલોજી અને નવા સંશોધનો (Innovations) અપનાવીશું, તો જ ભવિષ્યની પેઢીને પૂરતું પોષણ આપી શકાશે. એક સમયે સામાન્ય ગણાતા બાજરી, જુવાર, રાગી, કાંગ, કોદરી અને સામો જેવા મિલેટ્સ આજે વિશ્વસ્તરે ઉત્તમ 'સુપરફૂડ' તરીકે પ્રસ્થાપિત થઈ રહ્યા છે.

**ડાયાબિટીસ અને હૃદયરોગ સામે અમોઘ શસ્ત્ર**

પી.ડી.યુ સિવિલ હોસ્પિટલ, રાજકોટના ન્યુટ્રિશન અને ડાયેટિક્સ વિભાગના હેડ શ્રી અંકિતા રાવલના જણાવ્યા અનુસાર "આજના સમયમાં ડાયાબિટીસ, હાઈ બ્લડપ્રેશર, હૃદયરોગ અને મેદસ્વિતા (ઓબેસિટી)નું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આવા સંજોગોમાં મિલેટ્સ સ્વાસ્થ્ય માટે રક્ષણાત્મક ઢાલ સમાન છે. મિલેટ્સમાં 'લો ગ્લાયકેમિક ઈન્ડેક્સ' (Low GI) હોવાથી તે લોહીમાં શર્કરાનું પ્રમાણ નિયંત્રિત રાખે છે, જે ડાયાબિટીસના દર્દીઓ માટે અત્યંત ગુણકારી છે. તેમાં રહેલું ભરપૂર ફાઈબર પાચનતંત્ર મજબૂત કરે છે અને બેડ કોલેસ્ટ્રોલ ઘટાડી હૃદયનું રક્ષણ કરે છે."

"સામાન્યરીતે ઘઉં અને ચોખામાંથી માત્ર ૦.૨ થી ૧% જેટલું જ ફાઈબર મળે છે, જ્યારે વિવિધ મિલેટ્સ દ્વારા અંદાજે ૯% જેટલું ભરપૂર ફાઈબર મળી રહે છે. આ ઉચ્ચ ફાઈબરના કારણે પેટ લાંબો સમય ભરેલું રહે છે અને વારંવાર ભૂખ લાગતી નથી, જેના પરિણામે વજન અને સ્થૂળતા (ઓબેસિટી) નિયંત્રિત કરવામાં મદદ મળે છે." આ ઉપરાંત તેમણે જણાવ્યું કે, "રાગીમાં રહેલું વિપુલ પ્રમાણનું કેલ્શિયમ બાળકો અને સગર્ભા બહેનોનાં હાડકાંને મજબૂતી આપે છે, જ્યારે બાજરીમાં રહેલું આયર્ન એનિમિયા (લોહીની ઊણપ) દૂર કરવામાં અત્યંત મદદરૂપ સાબિત થાય છે. કુદરતી રીતે 'ગ્લુટેન-ફ્રી' હોવાને લીધે મિલેટ્સ પાચનમાં પણ ખૂબ સરળ રહે છે."

**સરકારી રેશનિંગ વ્યવસ્થા થકી છેવાડાના માનવી સુધી પહોંચતું પોષણ**

રાજ્ય સરકાર પ્રજાના પોષણ સ્તરને સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. સામાન્ય અને શ્રમિક પરિવારો પણ પૌષ્ટિક આહાર મેળવી શકે તે હેતુથી જાહેર વિતરણ પ્રણાલી (PDS) હેઠળ વાજબી ભાવની સરકારી દુકાનો મારફતે અંત્યોદય અને NFSA કાર્ડધારકોને ઘઉં-ચોખાની સાથોસાથ બાજરી અને જુવાર જેવા શ્રી અન્નનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત આંગણવાડી કેન્દ્રોમાં બાળકો અને સગર્ભા માતાઓને 'પૂર્ણાયોજના' તેમજ 'ટેકહોમ રેશન' (THR) હેઠળ મિલેટ્સ આધારિત પૌષ્ટિક વાનગીઓ ઉપલબ્ધ કરાવી કુપોષણ સામે મજબૂત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

**દૈનિક આહારમાં મિલેટ્સ અપનાવવાનો સંકલ્પ**

'વિશ્વ ફૂડ દિવસ' એ માત્ર અન્નનો મહિમા ગાવાનો દિવસ નથી, પરંતુ યોગ્ય અને ગુણકારી આહાર પસંદ કરવાનો અવસર છે.

# માંગરોળના નગીચાણા સહિત ત્રણ ગામોમાં રૂ. ૧.૦૮ કરોડના ખર્ચે નવનિર્મિત આયુષ્માન આરોગ્ય મંદિરોનું લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા

### માંગરોળ તાલુકાના નગીચાણા અને આજક તથા કેશોદના અજાબ ગામે નવનિર્મિત પેટા આરોગ્ય કેન્દ્ર ખુલ્લા મુકાયા





### લોકો પ્રત્યે જવાબદાર રહેવું એ અમારી નીતિ- રીતિ રહી છે : કેન્દ્રીય મંત્રીશ્રી

કમલમ્,માંગરોળ,

ભારત સરકારના શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ જૂનાગઢ જિલ્લાના માંગરોળના નગીચાણા ગામેથી અંદાજે કુલ રૂ. ૧.૦૮ કરોડના ખર્ચે નવનિર્મિત ત્રણ આયુષ્માન આરોગ્ય મંદિર- પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કર્યું હતું. જેમાં માંગરોળ તાલુકાના નગીચાણા અને આજક તથા કેશોદ તાલુકાના અજાબ નો સમાવેશ થાય છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નવનિર્મિત આ આયુષ્માન આરોગ્ય મંદિરોથી સ્થાનિક ગ્રામજનો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના લોકોને વધુ સુલભ અને સરળતાથી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ આરોગ્ય કેન્દ્રો ખાતે સામાન્ય બીમારીઓની સારવાર ઉપરાંત સગર્ભાવસ્થા અને પ્રસૂતિ સંભાળ, નવજાત અને શિશુ સ્વાસ્થ્ય સેવાઓ, બિનચેપી રોગોનું સંચાલન, સામાન્ય આંખ તથા કાન-નાક-ગળાની સંભાળ તેમજ મોઢા અને દાંતની સંભાળ સહિતની વિવિધ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થઈ છે. કેન્દ્રીય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ નગીચાણા ખાતેથી જ ત્રણેય આયુષ્માન આરોગ્ય મંદિરોની તકતીઓનું અનાવરણ કરીને લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત તેમણે નવનિર્મિત નગીચાણા આયુષ્માન આરોગ્ય મંદિરની વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ પણ કર્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી ડો. મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આરોગ્ય સેવાઓને વિશેષ પ્રાથમિકતા આપી છે. તેમણે દવાખાનાઓને મંદિર સમાન ગણાવ્યાં છે, કારણ કે આપણે દર્દીને નારાયણ એટલે કે ઈશ્વરનું સ્વરૂપ માનવામાં આવે છે. આ આરોગ્ય કેન્દ્રોના લોકાર્પણથી હજારો દર્દી નારાયણની સેવા કરવાની તક મળશે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, આયુષ્માન આરોગ્ય મંદિરોથી ગ્રામજનોને ઘરઆંગણે મળશે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળી રહેશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમે સત્તાધીશ નહીં પરંતુ જનતા જનાર્દનના સેવક છીએ. લોકોએ અમને સતત ચૂંટીને આશીર્વાદ આપ્યા છે, ત્યારે લોકો પ્રત્યે જવાબદાર રહેવું એ અમારી નીતિ- રીતિ રહી છે. સતત લોકોની વચ્ચે રહી તેમની સમસ્યાઓ જાણી-સમજીને તેના ઉકેલ માટે અમે હંમેશાં પ્રયાસરત રહ્યા છીએ.

કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એક સમયે કોઈપણ પરિવારમાં ગંભીર બીમારી આવી પડે ત્યારે પરિવાર આર્થિક રીતે પડી ભાંગતો હતો અને દેવાદાર બનવાની નોબત આવતી હતી. આજે આયુષ્માન ભારત યોજના અંતર્ગત ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ખાનગી હોસ્પિટલોમાં પણ ગુણવત્તાયુક્ત સારવાર ઉપલબ્ધ થઈ રહી છે. ઘેડ પંથકમાં પાણી ભરાવાની વર્ષો જૂની સમસ્યાના કાયમી ઉકેલ અંગે તેમણે જણાવ્યું હતું કે, ઘેડ પંથકમાં નદીઓમાં પૂર આવતાં ખેડૂતોની જમીન ધોવાઈ જવા સહિતની અનેક સમસ્યાઓ સર્જાતી હતી. આ સમસ્યાનો વૈજ્ઞાનિક અભ્યાસ હાથ ધરી કાયમી ઉકેલ લાવવા માટે રૂ. ૧૨૦૦ કરોડની યોજના મંજૂર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના છ તાલુકાનાં ૧૦૯ અસરગ્રસ્ત ગામોને આવરી લેવામાં આવ્યાં છે. નદીઓને ઊંડી ઉતારવા સહિતની તબક્કાવાર કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, એક સમય હતો જ્યારે ગામડાઓમાં પાયાની સુવિધાઓનો અભાવ જોવા મળતો હતો. પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વના પરિણામે આજે ગામડાઓમાં ચોવીસ કલાક વીજળી ઉપલબ્ધ થઈ રહી છે. જ્યાં ખેડૂતોને વન્ય પ્રાણીઓથી જોખમ રહેતું હોય તેવા વિસ્તારોમાં ખેડૂતોને દિવસ દરમિયાન પણ વીજળી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, એક સમયે લાગવગ કે મોટી ઓળખાણના આધારે નોકરી મળતી હોવાની ફરિયાદો થતી હતી, પરંતુ આજે પારદર્શક ભરતી પ્રક્રિયા અને મેરીટના આધારે યુવાનોને નોકરીની તકો મળી રહી છે. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણાએ સંબોધન કરી લોકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે નિષ્ઠાપૂર્વક સેવા બજાવવાની અપીલ કરી હતી.. ઉલ્લેખનીય છે કે, નગીચાણા આજક અને અજાબ એમ પ્રત્યેક આયુષ્માન આરોગ્ય મંદિર રૂ.૩૬.૨૪ લાખના ખર્ચે નિર્મિત થયું છે. કાર્યક્રમના અંતે કેન્દ્રીય મંત્રીશ્રી સહિતના મહાનુભાવોએ નગીચાણા ગામની શાળામાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. આ પૂર્વે કેન્દ્રીય મંત્રીશ્રીનું માંગરોળના ચંદર અને દરસાલી ગામે ગ્રામજનોએ ભાવભેર સ્વાગત કર્યું હતું અને મંત્રીશ્રીએ ગ્રામજનો સાથે સહજ સંવાદ સાધ્યો હતો. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના ડો. હિમાંશુ લાખાણીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું અને અંતમાં મેડિકલ ઓફિસર શ્રી કિશોર માવદિયાએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી લીનાબેન વિપુલભાઈ કાવાણી, ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી અરવિંદભાઈ રૈયાણી, ધારાસભ્ય શ્રી દેવાભાઈ માલમ, ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગઠિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંતસિંહ રાઠૌર, આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી ચિરાગભાઈ રાજાણી, માંગરોળ તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી નારણભાઈ વાજા, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી જયેશભાઈ ચુડાસમા, જિલ્લા પંચાયતના સદસ્ય શ્રી શ્રી અશ્વિનભાઈ ખટારીયા, અગ્રણી શ્રી સોમાતભાઈ વાસણ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપરાંત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**આયુષ્માન આરોગ્ય મંદિરોથી ગ્રામજનોને ઘરઆંગણે મળશે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ : ડો. મનસુખભાઈ માંડવિયા**

# હિંમતનગર ખાતે પ્રભારી મંત્રીશ્રી ડૉ.પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ

### ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧,૦૮૩ વિકાસલક્ષી કામોનું આયોજન



કમલમ્,ઈકબાલ મેમણ

સાબરકાંઠા જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારિતા તથા શિક્ષણ વિભાગના પ્રભારી મંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમન વાજાના અધ્યક્ષસ્થાને હિંમતનગર ખાતે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસને વેગ આપવા, વિવિધ વિકાસલક્ષી કામોના આયોજન અને અમલીકરણ તેમજ પાયાની સુવિધાઓના સુદ્ઢીકરણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત પેટર્ન વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧,૦૮૩ કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ આયોજન માટે કુલ રૂ. ૩,૮૩૬.૦૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે. બેઠક દરમિયાન આદિજાતિ વિસ્તારોમાં વિકાસનાં કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય અને સરકારી યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચે તે દિશામાં જરૂરી ચર્ચા કરવામાં આવી હતી. આદિજાતિ વિસ્તારના નાગરિકોને શિક્ષણ, આરોગ્ય, માર્ગ, પીવાનું પાણી સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અને સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસનાં કામો હાથ ધરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. સાથે જ વિકાસલક્ષી યોજનાઓના અસરકારક અમલીકરણ માટે સંબંધિત વિભાગો વચ્ચે સંકલન જાળવીને કામગીરી હાથ ધરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, સાંસદશ્રી શોભનાબેન બારૈયા, ધારાસભ્યશ્રી રમણલાલ વોરા, ધારાસભ્યશ્રી તુષાર ચૌધરી, પૂર્વ સાંસદશ્રી રમીલાબેન બારા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.પી. પટેલ, પ્રયોજના વહીવટદારશ્રી વિશાલ સક્સેના સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંજાર ખાતે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે 'શ્રમિક અન્નાપૂર્ણા યોજના'ના નવા કેન્દ્રનો શુભારંભ

### અંજાર, ભુજ, રાપર, આદિપુર અને ગાંધીધામ ખાતે નવા કેન્દ્રનો રાજ્યમંત્રીશ્રી, ધારાસભ્યશ્રીઓ સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ



કમલમ્,ભુજ

ગુજરાત સરકાર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત બાંધકામ શ્રમિકોના કલ્યાણ અને સુખાકારી માટે આજે ૨૮ જિલ્લાઓમાં શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા ૧૦૧ કેન્દ્રોની શરૂઆત કરવામાં આવ્યા. જે અંતર્ગત કચ્છ જિલ્લાના અંજાર ખાતે દેવળિયા નાકા ખાતે આવેલા કડીયાનાકા શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા ભોજન વિતરણ કેન્દ્રનો શુભારંભ ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ શ્રમિકો માટેની આ યોજનાની પ્રશંસા કરતા કહ્યું કે, રાત-દિવસ કઠોર પરિશ્રમ કરતા બાંધકામ શ્રમિકોના સ્વાસ્થ્ય અને પોષણ માટે આ યોજના સાચા અર્થમાં આશીર્વાદરૂપ છે. કચ્છ જિલ્લામાં કુલ ૦૫ નવા કેન્દ્રનો થયો પ્રારંભ. અંજાર ખાતે શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાએ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. જ્યારે ગાંધીધામ ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરીએ ગાંધીધામમાં સુંદરપુરી પાણીની ટાંકી પાસેના કડીયાનાકા ખાતે તો ભુજ શહેરમાં ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતેથી શ્રમિક ભોજન વિતરણ કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો. સ્થાનિક મહાનુભાવોએ આદિપુર અને રાપર ખાતેના કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો.

# માંડવી તાલુકાના સોલી ગામે પ્રાથમિક શાળાના નવનિર્મિત ભવનનું સાંસદ પ્રભુભાઈ વસાવાના હસ્તે લોકાર્પણ

**સોલી પ્રા. શાળાના નવા ભવનથી ગામના બાળકોને મળશે સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ**



કમલમ્,સુરત

માંડવી તાલુકાના સોલી ગામે નવનિર્મિત પ્રાથમિક શાળાના નવા ભવનનું લોકાર્પણ સાંસદ શ્રી પ્રભુભાઈ વસાવાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા ભવનથી ગામના બાળકોને સુવિધાસભર શૈક્ષણિક વાતાવરણ મળશે. આ પ્રસંગે સાંસદશ્રીએ શિક્ષણના મહત્વ પર વિશેષ ભાર મૂકતા જણાવ્યું કે, શિક્ષણના સુદ્રઢ વિકાસથી જ બાળકો અને સમાજના ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ શક્ય છે. નવા બનેલા શાળા ભવનના કારણે બાળકોને ગુણવત્તાસભર અને સુવિધાસભર શૈક્ષણિક માહોલ પ્રાપ્ત થશે. જેનાથી તેમના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે. આ પ્રસંગે પૂર્વ જિ.પં. સભ્ય અનિલભાઈ ચૌધરી, સરપંચ, તારાપુર કેન્દ્રના શિક્ષકગણ, શાળાના બાળકો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની પહેલથી કામરેજના ગ્રામ્ય વિકાસને નવી ગતિ

### ૮.૬૬ કરોડના માર્ગકાર્યોનું ખાતમુહૂર્ત, આગામી બે દિવસમાં અન્ય ગામોમાં પણ આશરે ૨૪ કરોડના વિકાસકાર્યોને મળશે વેગ....






## ખેતરથી ગામ સુધીની સફર બનશે સરળ, ગ્રામ્ય પરિવહન વ્યવસ્થાને મળશે નવી સુગમતા....

કમલમ્,સુરત,

ગામડાંના રસ્તાઓ માત્ર એક ગામને બીજા ગામ સાથે જોડતા માર્ગો નથી, પરંતુ ખેડૂતોની મહેનત, ગ્રામજનોની આશાઓ અને વિકાસનાં સપનાઓને જોડતી કડી છે. આ જ ભાવના સાથે કામરેજ વિધાનસભા વિસ્તારમાં ગ્રામ્ય માર્ગ સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાની દિશામાં આજે વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. રાજ્યના આરોગ્ય મંત્રી અને કામરેજના ધારાસભ્ય શ્રી પ્રફુલ પાનશેરીયાની પહેલથી તેમજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને નવી ગતિ મળી રહી છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં માર્ગ સુવિધાઓના વિસ્તરણ માટે આયોજનબદ્ધ રીતે કામગીરી આગળ ધપાવવામાં આવી રહી છે. આ અંતર્ગત આજરોજ વિવિધ ગામોને જોડતા ૬ માર્ગોના ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે. આ માર્ગોની કુલ લંબાઈ ૧૫.૭૦ કિલોમીટર છે અને તેમની કુલ ટેન્ડર રકમ ૮.૬૬ કરોડ છે. મહત્ત્વની વાત એ છે કે, આ વિકાસયાત્રા માત્ર આજના કાર્યક્રમ પૂરતી સીમિત નથી. આગામી બે દિવસ દરમિયાન પણ કામરેજ વિધાનસભા વિસ્તારનાં અન્ય ગામોમાં આશરે ૨૪ કરોડના માર્ગોના ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાનાર છે. જેની આશરે લંબાઈ ૩૫ કિલોમીટર છે, તબક્કાવાર રીતે ગ્રામ્ય માર્ગ સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં વિકાસકાર્યો આગળ વધશે અને વિવિધ ગામોના નાગરિકોને વધુ સુગમ પરિવહન વ્યવસ્થાનો લાભ મળવાનો માર્ગ મોકળો થશે.

**રસ્તા સુધરશે, તો ગામડાંની પ્રગતિને પણ મળશે વેગ**

ખેડૂત જ્યારે વહેલી સવારે પોતાના ખેતરે જવા નીકળે, ગ્રામજનો રોજિંદા કામકાજ માટે એક ગામથી બીજા ગામે જાય કે કોઈ પરિવારને શિક્ષણ અને આરોગ્યની સુવિધા સુધી પહોંચવાનું હોય—ત્યારે સારા રસ્તાઓની જરૂરિયાત માત્ર સુવિધા નહીં, પરંતુ જીવનની સરળતા સાથે જોડાયેલી હોય છે. આ જ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આજરોજ લાડવી, ઉભેળ, માકણા, પરબ, અને હલધરુ, સહિતના વિસ્તારોમાં માર્ગ નિર્માણનાં કાર્યો હાથ ધરવામાં આવ્યાં. આ ઉપરાંત આગામી બે દિવસમાં વાવ, સેગવા, સેવણી, ઓરણા, વિહાણ, ચિખલી, નગોડ, કોળી ભરથાણા, શેખપુર, ધલુડી, અંત્રોલી, નવી પારડી, ધોરણપારડી, ચોર્યાસી તેમજ આંબોલી જેવા ગ્રામ્ય વિસ્તારના કુલ ૩૫ કિલોમીટરના માર્ગોનું અંદાજીત ૩૧ કરોડના માર્ગ નિર્માણના કાર્યો તેમજ ઓરણા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ના અંદાજીત ૧.૨૫ કરોડ ના ખાતમુહૂર્તનું આયોજન કરવામાં આવ્યું છે... નવા માર્ગોનું નિર્માણ પૂર્ણ થયા બાદ સ્થાનિક નાગરિકોની અવરજવર વધુ સુગમ બનવાની સાથે ખેડૂતોને ખેતર સુધી પહોંચવામાં અને ખેતપેદાશોની હેરફેરમાં પણ રાહત મળશે. ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહનની સુવિધા મજબૂત બનવાથી રોજિંદા જીવનની અનેક મુશ્કેલીઓ હળવી થવાની આશા છે.

**આગામી બે દિવસમાં પણ વિકાસકાર્યોની શ્રેણી આગળ વધશે....**

કામરેજ વિધાનસભા વિસ્તારમાં ગ્રામ્ય વિકાસને પ્રાથમિકતા આપીને માર્ગ સુવિધાઓના વિસ્તરણ માટે આગામી દિવસોમાં પણ ખાતમુહૂર્તના કાર્યક્રમો યોજાનાર છે. તા. ૧૭ અને ૧૮ ઓક્ટોબરના રોજ પણ વિવિધ ગામોમાં માર્ગકાર્યો સહિતના વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદના દિવસે પણ અન્ય ગામોના માર્ગકાર્યોના ખાતમુહૂર્ત થવાના હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવાની કામગીરી સતત આગળ વધશે. આ તબક્કાવાર આયોજનથી વિકાસનો લાભ વધુને વધુ ગામો સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. માર્ગસુવિધાઓમાં સુધારો થાય ત્યારે માત્ર અવરજવર જ સરળ બનતી નથી, પરંતુ ખેતીવાડી, સ્થાનિક વેપાર-ધંધા અને ગ્રામ્ય જનજીવનને પણ નવી ગતિ મળે છે.

**ગ્રામ્ય સુવિધાઓના વિકાસ માટે રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા**

ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ મજબૂત બને અને વિકાસનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે માર્ગનિર્માણ જેવાં માળખાકીય કાર્યો મહત્ત્વપૂર્ણ છે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં હાથ ધરવામાં આવતાં આ કાર્યો ગ્રામ્ય પરિવહન વ્યવસ્થાને વધુ સુદૃઢ બનાવવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પહેલ છે. આ વિકાસકાર્યો માટે માર્ગદર્શન અને સહયોગ બદલ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સાથે જ સાંસદશ્રી, જિલ્લા પંચાયતના અધ્યક્ષશ્રી, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ તેમજ સંબંધિત ટીમના સહયોગથી ગ્રામ્ય વિકાસનાં કાર્યોને આગળ ધપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

**ગામથી ગામને જોડતા રસ્તાઓ, ખેડૂતો માટે સરળ સફર અને ગ્રામજનો માટે સુવિધાયુક્ત આવતીકાલ**

માર્ગોના ખાતમુહૂર્તથી આજરોજ શરૂ થયેલી વિકાસની આ ગતિ આગામી બે દિવસમાં અન્ય ગામો સુધી પણ આગળ વધશે. કામરેજ વિધાનસભા વિસ્તારમાં માર્ગસુવિધાઓના વિસ્તરણની આ પહેલ ગ્રામ્ય જનજીવનને વધુ સુવિધાયુક્ત બનાવવા અને ગામડાંના સર્વાંગી વિકાસને વેગ આપવાની દિશામાં મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

